# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-06 -2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-નારી શક્તિ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિકસિત ભારત તરફની સફરમાં મહિલાઓ દ્વારા ભજવવામાં આવતી પરિવર્તનકારી ભૂમિકા પર પ્રકાશ પાડ્યો, જેમાં છેલ્લા 11 વર્ષમાં મહિલાઓના નેતૃત્વના વિકાસ પર ભાર મૂક્યો. કેન્દ્રમાં NDA સરકારના 11 વર્ષ પૂર્ણ થતાં, શ્રી મોદીએ કહ્યું કે વિજ્ઞાન, શિક્ષણ, રમતગમત, સ્ટાર્ટઅપ્સ અને સશસ્ત્ર દળો સહિત તમામ ક્ષેત્રોમાં મહિલાઓ શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે અને અન્યને પ્રેરણા આપી રહી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ નોંધ્યું કે NDA સરકારે સ્વચ્છ ભારત અભિયાન દ્વારા ગૌરવ સુનિશ્ચિત કરવું, જન ધન ખાતાઓ દ્વારા નાણાકીય સમાવેશ અને પાયાના સ્તરે સશક્તિકરણના સમાવેશ સાથે મહિલાઓના નેતૃત્વને ફરી વ્યાખ્યાયિત કર્યો છે. તેમણે ધુમાડામુક્ત રસોઇની ઉજ્જવલા યોજનાને એક સીમાચિહ્નરૂપ ગણાવી હતી

શ્રી મોદીએ જણાવ્યું મુદ્રા લોનથી લાખો મહિલાઓ ઉદ્યોગસાહસિક બની અને સ્વતંત્ર રીતે તેમના સપનાઓને સાકાર કરી શકી. PM આવાસ યોજના હેઠળ મહિલાઓના નામે ઘરોની જોગવાઈએ તેમની સુરક્ષા અને સશક્તિકરણની ભાવના પર થયેલી નોંધપાત્ર અસરને પણ વર્ણવી હતી. રાષ્ટ્રીય ચળવળ તરીકે લેખાવીને પ્રધાનમંત્રીએ બેટી બચાવો બેટી પઢાઓ અભિયાનને પણ યાદ કર્યું.

------------------------------------------------------------------------------------------

## CM-નગરપાલિકા:

રાજ્યની 149 નગરપાલિકાઓને માર્ગ સમારકામ માટે કુલ 107 કરોડ રૂપિયાની નાણાકીય સહાયને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંજૂરી આપી છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર નગર પાલિકાઓ ની કેટેગરી મુજબ 40 લાખથી એક કરોડ રૂપિયા સુધીની ગ્રાન્ટ ફાળવાશે, જેમાં, 'અ' વર્ગની 37 નગરપાલિકાઓને પ્રત્યેકને 1 કરોડ પ્રમાણે કુલ 37 કરોડ, 'બ' વર્ગની 34 નગરપાલિકાઓને દરેકને 80 લાખ મુજબ 27 કરોડ, 'ક' વર્ગની 61 નગરપાલિકાઓને દરેકને 60 લાખ પ્રમાણે કુલ 36 કરોડ તેમજ 'ડ' વર્ગની 17 નગરપાલિકાઓને પ્રતિ નગરપાલિકા 40 લાખ પ્રમાણે કુલ 6 કરોડ 80 લાખ એમ કુલ મળીને 107 કરોડ રૂપિયાની સહાય મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી ફાળવવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## ભારતીય અવકાશયાત્રી-:

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા અને અન્ય ત્રણ અવકાશયાત્રી આગામી મંગળવારે ફ્લોરિડામાં નાસાના કેનેડી સ્પેસ સેન્ટરથી એક્સિઓમ સ્પેસની ચોથી સમાનવ અવકાશયાત્રા પર નીકળશે. લગભગ 28 કલાકની મુસાફરી પછી, તેઓ બુધવારે રાત્રે 10 વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક ISS પર ડોક કરે તેવી શક્યતા છે.

ISS ખાતે 14 દિવસના રોકાણ દરમિયાન, એક્સિઓમ-4 ક્રૂ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, શાળાના વિદ્યાર્થીઓ અને અવકાશ ક્ષેત્ર સહિત અન્ય લોકો સાથે વાતચીત કરે તેવી શક્યતા છે.

---------------------------------------------------------------------------------------------

## મોરચંગ વાદકને એવોર્ડ:

કચ્છની પરંપરાગત લોકવાદ્ય સંગીતની પરંપરા અને લોકકલાના ઉત્થાન અને લુપ્ત થતી બચાવવા છેલ્લાં 45 વર્ષથી કાર્ય કરતા ભુજના મોરચંગ વાદક ઉમેશ જડિયાને ગુજરાત રાજ્ય લોકકલા ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા રાષ્ટ્રીય એવોર્ડ

એનાયત કરાયો છે. ઉમેશ જડિયાએ અનેક ઓડિયો વીડિયો સીડી, દસ્તાવેજી ફિલ્મ બનાવતી સંસ્થાઓ જેવી કે દૂરદર્શન, આકાશવાણી, બીબીસી વર્લ્ડ સર્વિસ, ઈન્ડિયન મ્યુઝિયમ, નેશનલ મ્યુઝિયમ વિગેરે જાહેર અને ખાનગી સંસ્થાઓ સાથે કામ કરી કચ્છની પરંપરાગત લોકવાદ્યની સાંસ્કૃતિક પરંપરાને સ્થાન આપવાનું ઉમદા કાર્ય કરેલું છે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છી સાહિત્ય કલા સંઘ:

`કચ્છી સાહિત્ય કલા સંઘ'ની કારોબારી બેઠક સંસ્થાના પ્રમુખ દિલીપદાદા કાપડીના અધ્યક્ષ પદે મોરજર ખાતે મળી હતી.મેંકણ પરંપરાના કચ્છના ચાર અખાડાના મહંતો પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીનાં નિમંત્રણથી દિલ્હી ગયા હતા, ત્યાં સંબંધિત મંત્રીઓ, સચિવો તેમજ કચ્છના સાંસદ વિનોદ ચાવડા સાથે કચ્છી ભાષા, સંસ્કૃતિ, રીતરિવાજ, જનજીવન વિશે વાતચીત થઇ હતી એની કારોબારી સભામાં વિગતે માહિતી ઉપરાંત કચ્છી ભાષાની જાણસુજાણ પરીક્ષાઓ તથા આગામી આયોજનો અંગે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

---------------------------------------------------------------------------------------------------

## બળવંતભાઈ મણવરનું અવસાન:

ગુજરાત રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રી, પૂર્વ સાંસદ, અને ગુજરાત રાજ્યના પાણી પુરવઠા બોર્ડના પૂર્વ ચેરમેન બળવંતભાઈ મણવરનું 82 વર્ષની વયે અવસાન થયું છે. ડુમિયાણી ખાતે આવેલી આશ્રમ શાળાના સ્થાપક અને શિક્ષણ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ માટે સુવિધા ઉભી કરનાર મોભીનું અવસાન થતાં સમગ્ર રાજ્યમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

તેમણે શરૂઆતમાં શિક્ષક તરીકે કામ કર્યું હતું. અને ત્યારબાદ જાહેર હોદ્દાઓ સાંભળ્યા હતા.

---------------------------------------------------------------------------------------------------

## <u>કોરોના કેસ:</u>

કચ્છમાં ગઇકાલે કોરોનાના ચાર કેસ  આવ્યા બાદ આજે ફરી કોરોના સંક્રમણના 3 નવા કેસ આવ્યા છે. આ ત્રણેય કેસ ભુજમાં નોંધાયા છે. કચ્છમાં હાલની સ્થિતિએ કોરોનાના સક્રિય 17 કેસ છે અને તમામની હાલત સ્થિર છે.

**-----------------------------------------------------------------------------------------------**